# આમ આદમી પાર્ટીના ૫૫ કાર્યકરોના આખરે શરતી જામીન મંજુર કરાયા

## પ્રદેશ પ્રમુખ ગોપાલ ઇટાલીયા , ઇશુદાન ગઢવી સહીતના નેતાઓ અને કાર્યકરોને ગાંધીનગરમાં પ્રવેશ નહીં તેમજ પાસપોર્ટ જમા કરાવાની શરતે જામીન મંજુર

ગાંધીનગર તા ૩૦

હેડ કલાર્કની પરીક્ષાનુ પેપર ફુટવાના મામલે કમલમ કાર્યાલયમાં વિરોધ કરવા પહોંચેલા આમ આદમી પાર્ટીના હોદેદારો તેમજ કાર્યકરોને પોલીસે ઝડપી લીધા હતા. આ દરમિયાન આમ આદમી પાર્ટી અને ભાજપના કાર્યકરો વચ્ચે ઘર્ષણ પણ થયુ હતુ. જયારે પોલીસે લાઠીચાર્જ પણ કર્યો હતો. આ બનાવ સંદર્ભે છેડતી અને ગુનાહીત ષડયંત્રનો ગુન્હો દાખલ કરી પોલીસે પાર્ટીના પ્રમુખ સહીતના હોદેદારો અને કાર્યકરોની ધરપકડ કરી હતી. આ મામલે આજે ગાંધીનગર કોર્ટો આમ આદમી પાર્ટીના ગોપાલ ઈટાલીયા અને ઈશુદાન ગઢવી ઉપરાંત કાર્યકરોના શરતી જામીન મંજુર કર્યા છે. ગાંધીનગરમાં પ્રવેશ નહીં કરવાની શરતે તેમજ પાસપોર્ટ પણ જમા લેવાની શરતે કોર્ટે જામી મંજુર કર્યા છે.

હેડ કલાર્કનુ પેપર ફુટવાના કેસ સંદર્ભે વિરોધ કરવાના મામલે આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ સહીત ૫૦૦ જેટલા કાર્યકરો કોબા સ્થિત કમલમ ખાતે પહોંચી ગયા હતા જયાં આક્રમક સુત્રોચ્ચાર વચ્ચે ભાજપના કાર્યકરો સાથે ઘર્ષણ પણ થયુ હતુ. આ દરમિયાન પોલીસે લાઠી ઉગામતા લાઠીચાર્જ દરમિયાન કેટલાક કાર્યકરો ઘાયલ પણ થયા હતા.




સમગ્ર મામલે ભાજપના મહીલા નેતાની ફરિયાદના અંતે આમ આદમી પાર્ટીના ગોપાલ ઈટાલીયા, ઈશુદાન ગઢવી અને પ્રવિણ રામ સહીતના ટોળા સામે ઈન્ફોસીટી પોલીસે રાયોટીંગ, છેડતી અને ગુનાહીત ષડયંત્રનો ગુન્હો દાખલ કરી આરોપીઓને કોર્ટમાં રજુ કરાયા હતા. જેના અંતે આરોપીઓને જ્યુશિયલ કસ્ટડીને સોંપવામાં આવ્યા હતા. આ કેસ સંદર્ભે ઉપલી કોર્ટે ૨૮ મહીલા કાર્યકરોના જામીન મંજુર કર્યા હતા. અન્ય ૫૫ આરોપીઓની સુનાવણીની પ્રક્રીયા ગઈકાલે પુર્ણ થઈ હતી. જેના અંતે આજે કોર્ટે આ આરોપીઓને ગાંધીનગરમાં નહીં પ્રવેશવા તેમજ ફરિયાદીને ધાકધમકી નહીં આપવા અને પાસપોર્ટ જમા કરાવવાની શરતે જામીન મંજુર કરવાનો આદેશ કર્યો છે. આ તમામનો ૧૧ દિવસના અંતે જેલમાંથી છુટકારો થશે.

# વેપારીની કારમાંથી આઠ લાખ ભરેલી બેગની ઉઠાંતરીનો ભેદ ઉકેલાયો

ગાંધીનગર તા.૩૦

ગાંધીનગર જિલ્લાના કલોલ ખાતે મહેસાણા રોડ પર રોડ પર એક વેપારીની કારને થોભાવી ચાર ગઠિયાઓએ રૂપિયા આઠ લાખ રોકડા ભરેલી બેગની ઉઠાંતરી કરી હતી. બાઈક અને સ્કૂટર પર આવેલા ચાર ગઠિયાઓએ કાર ઊભી રખાવી વેપારી કાર ચાલકની નજર ચૂકવી બેગની ઉઠાંતરી કરીને ફરાર થઈ ગયા હતા. સમગ્ર ઘટનામાં એસીબીની ટીમે કેટલીક બાતમીના આધારે બે આરોપીઓની ધરપકડ કરી છે.

આશરે નવેક દિવસ પૂર્વે મહેસાણા જિલ્લાના કડીમાં સોમનાથ સોસાયટીમાં રહેતા અને એલ્યુમિનિયમ સેકશન સ્ક્રેપ ગોડાઉન ધરાવતાં વેપારી બાલકૃષ્ણ રોશનલાલ તેમના વેપારીઓએ ઉઘરાણીની આઠ લાખની રકમ આંગડિયામાં મોકલી હોવાથી જેને કલોલની આંગડિયા પેઢીમાંથી લઈને પોતાની બ્રેજા કારમાં પરત જતા હતા ત્યારે કલોલના સિંદબાદ બ્રિજ પાસે સ્કૂટર અને બાઈક પર આવેલા ચાર શખ્સોએ કટ મારવાના બહાને તેમની કાર થોભાવી દીધી હતી. આ દરમ્યાન વેપારીની નજર ચુકવીને આઠ રૂપિયા ભરેલી બેગની ઉઠાંતરી કરી ચારેય ગઠિયા ફરાર થઈ ગયા હતા જે અંગે કલોલ પોલીસ મથકમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. જે અન્વયે જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાની સૂચનાથી લોકલ ક્રાઈમ બ્રાંચના પીઆઈ એચ પી ઝાલાની ટીમે કલોલ વિસ્તારમાં પેટ્રોલીંગ શરૂ કરી ઉક્ત ગુનાનો ભેદ ઉકેલવા કવાયત હાથ ધરી હતી.

જેનાં પગલે મળેલી બાતમીના આધારે કલોલ અંબિકા બ્રિજ નજીકથી બે શખ્સોને શંકાસ્પદ હાલતમાં એક્ટિવા સાથે ઝડપી લેવામાં આવ્યા હતા. જેમના નામ ઠામ પૂછતાં તેમણે પોતાના નામ પ્રફુલ ઉર્ફે પારસ અતુલભાઈ ઘમંડે (રહે. સંતોષી નગરના છાપરા, કુબેર નગર) તેમજ કુણાલ ઉર્ફે તીરીયો કિરીટભાઈ ગારંગે (રહે. સુભાષનગર છાપરા, છારાનગર અમદાવાદ) હોવાની કબૂલાત કરી હતી. પોલીસે કડકાઈથી વધુ પૂછતાછ કરતાં પ્રફુલ ઘમંડેએ કબૂલાત કરી હતી કે આજથી નવ દિવસ અગાઉ તેના અન્ય મિત્રો સની અને અમિત સાથે એમ ચારેય જણાં એકસેસ - બાઈક લઈને કલોલ આવ્યા હતા. અને સિંદબાદ બ્રિજ નજીક કટ મારવા બાબતે બાલકૃષ્ણની કાર રોકાવી માથાકૂટ કરી હતી. એ દરમિયાન કારમાંથી રૂપિયા ભરેલી બેગની ઉઠાંતરી કરી નાસી ગયા હતા. જે રૂપિયા અંદરો અંદર વહેંચી લીધા હતા.

## ટ્રાફીક જામ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવવાના હોવાથી શહેર ઉપરાંત વી આઈ પી મહાનુભાવોના રૂટમાં પણ માર્ગ સુધારણા અને સુશોભન સહીતની કામગીરી મુખ્ય બની છે. આ ઉપરાંત છેલ્લા બે વર્ષથી શહેર તેમજ ચિલોડા સરખેજ માર્ગ પર પણ વાઈડનીંગ અને ફલાઈ ઓવર નિર્માણની કામગીરી ચાલી રહી છે. અડાલજ પાસે કલોવર લીફને અનુલક્ષી પણ કામગીરી શરૂ કરવામાં આવી છે. જેના લીધે આ વિસ્તારમાં ઠેર ઠેર ટ્રાફિકનો સિનારીયો બદલાયો છે. આજે અડાલજ પાસેનો માર્ગ પણ વન વે થતા સતત ટ્રાફિક જામ રહ્યો હતો. વાહનચાલકો લાંબા સમય સુધી ટ્રાફિકમાં અટવાયા હતા. કામગીરીના લીધે ટ્રાફિકને લગતી સમસ્યા પણ વાહનચાલકો માટે પરેશાનીનુ કારણ બની છે. આખો દિવસ અડાલજ પાસે ટ્રાફિક જામની ફરિયાદો સ્થાનિકો માટે રોષનુ કારણ બની હતી.

## આવક વધી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મુસાફર પાસ યોજના અન્વયે અંદાજિત ૪૦ હજાર જેટલા પાસ ઈસ્યુ થાય છે. ગત વર્ષે કોરોના કાળમાં મુસાફર પાસ યોજના સંદર્ભે તદન નબળુ ચિત્ર ઉપસી આવ્યુ હતુ જયારે હવે મુસાફર પાસ યોજનાનો મુસાફરો વિશેષ લાભ લઈ રહ્યા છે. સલામત સવારી એસ ટી અમારીના પૈડા ટ્રેક પર પુરપાટ દોડતા થઈ ગયા છે. ત્યારે હવે કોરોનાએ ફરી એકવાર માથુ ઉંચકતા એસ ટી ની સલામત સવારી સામે પણ મુશ્કેલી ઉભી ન થાય તે અંગે પણ ચિંતા સેવાઈ રહી છે. જો કે આગામી દિવસોમાં ગાંધીનગર ડેપોને નવી ઈલેક્ટ્રીક બસ મળવાની છે જેના લીધે મુસાફરોનુ આકર્ષણ વધશે તેમ પણ મનાઈ રહ્યુ છે.

## જન્મદિને વધામણી



મનિષાબેન મનીષભાઈ શાહ
શ્રીજીચરણ સોસાયટી
બાયડ



પિયુષભાઈ જેસીંગભાઇ પટેલ
બાયડ બી.એડ કોલેજ
શિવમ પાર્ક સોસાયટી,
બાયડ

## ૧૨ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરમાં ૧લી જાન્યુઆરીથી ૧૦ ધન્વન્તરી રથ શરૂ કરવામાં આવશે અને તેના રૂટને આખરી ઓપ આપવામાં આવી રહ્યો હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

તંત્રના સૂત્રોએ આજે નોંધાયેલા દર્દીઓની તબિયત સ્થિર હોવાનું જણાવ્યુ છે. શહેરમાં જે ગતિએ કેસો વધી રહ્યા છે તે ચિંતાજનક હોવાનું સૂત્રોએ સ્વીકારી હવે સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે માટે ખાસ ભાર મુકવામાં આવ્યો છે. સઘન સર્વેલન્સ પણ શહેરમાં ચાલુ કરી દેવામાં આવ્યુ છે. શહેરમાં હાલ ૨૦૦ જેટલા લોકોને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

તંત્રએ દર્દીઓના સંપર્કમાં આવેલા લોકોનું ટ્રેસીંગ કરવાનું શરૂ કર્યુ છે. સંપર્કમાં આવેલા લોકોની યાદી સવાર સુધીમાં તૈયાર થઈ જશે તેમ જાણવા મળેલ છે.

# વૃધ્ધોને બિભત્સ ગાળો બોલી જાનથી મારી નાંખવાના કેસમાં આરોપીઓને આજીવન કેદની સજા

**માણસા તાલુકાના અનોડીયા ડોડીપર ગામે કોર્ટમાંથી ફરિયાદ પાછી ખેંચી લેવાનુ કહી વૃધ્ધ પુરુષ અને મહીલા પર લાકડી વડે હુમલો કર્યો હતો : ગંભીર રીતે ઘવાયેલા વ્યકિતનુ મોત નિપજયુ હતુ**

ગાંધીનગર તા ૩૦

તુ અમારી પર કરેલી ફરિયાદ કોર્ટમાંથી પાછી ખેંચી લે.. તેમ જણાંવી એક વ્યકિતને બિભત્સ ગાળો બોલીને લાકડી તેમજ ગડદા પાટુનો માર મારીને તેનુ મોત નિપજાવાના કેસમાં ગાંધીનગર કોર્ટે આરોપીઓને આજીવન કેદની સજા તેમજ રૂ ૫ હજારનો દંડ ભોગવવા આદેશ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર તા ૧ ૨ ફેબ્રુઆરી વર્ષ ૨૦૧૯ દરમિયાન ગાંધીનગરના માણસા તાલુકાના અનોડીયા ડોડીપર ગામના રહેવાસી આરોપી રમેશ બબાભાઈ પરમાર, જશીબેન ભીખાભાઈ રાવળ, રહે નિરામલી ગામ કપડવંજ, ભરત મફતભાઈ પટેલ, રહે ગોમતીપુરા અમદાવાદ સોમાભાઈ પરમાર પર લાકડી વડે હુમલો કર્યો હતો તુ અમારી પર કરેલી ફરિયાદ કોર્ટમાંથી પાછી ખેંચી લે તેમ કહીને સોમાભાઈ તેમજ ધનીબેન પર લાકડી વડે અને ગડદા પાટુના માર માર્યો હતો. જેના લીધે ગંભીર ઈજાઓ થતા તેમનુ ઘરે મોત નિપજયુ હતુ. આ બનાવ સંદર્ભે માણસા પોલીસે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. આ કેસ ગાંધીનગરની બીજા એડીશ્નલ એન્ડ ડિસ્ટ્રીકટ સેસન્સ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે પ્રિતેશ ડી વ્યાસે દલીલો કરી હતી. જેમાં કુલ ૨૭ દસ્તાવેજો કેસ પુરવાર કરવા માટે રજુ કર્યા હતા. આ ઉપરાંત કુલ ૨૩ સાહેદો તપાસ્યા હતા. ડોકટર, નજરે જોનારા તેમજ તપાસ કરનાર અમલદારની જુબાની પણ લેવામાં આવી હતી. સરકારી વકીલે કોર્ટ સમક્ષ આરોપીઓને સખત સજા કરવા માટે દલીલ કરી હતી જે દલીલોના અંતે પુરાવાઓને ધ્યાનમાં રાખીને જજ એસ એન સોલંકીએ એટ્રોસિટી વિથ મર્ડર કેસમાં આરોપીઓને આજીવન કેદની સજા તેમજ રૂ ૫ હજારનો દંડ ભોગવવા આદેશ કર્યો છે.

## 3 કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા કેસો હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા કડક સૂચનાઓ આપી છે. ગ્રામ્ય વિસ્તારમાં હજુ કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરાયા નથી. જિલ્લાના ગ્રામ્યવિસ્તારમાં છુટા છવાયા કેસો મળી રહ્યા છે પણ જે ગતિએ કેસો વધી રહ્યા છે તેથી તંત્રએ સઘન સર્વેલન્સ અને ફરજીયાત માસ્ક તેમજ સોશ્યલ ડિસ્ટન્સીંગના નિયમોની અમલવારી માટેની સૂચનાઓ જારી કરી છે.

**નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**
**જાહેર નિવિદા નં. સને ૨૦૨૦-૨૧**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી હરણાવ પેટા વિભાગ નં.૨ વિજયનગર જી. સાબરકાંઠાની કચેરી દ્વારા રસ ધરાવતા ઈ-૨ અને ઉપરના વર્ગમાં રજીસ્ટ્રેશન ધરાવતા ઈજારદારો પાસેથી હરણાવ યોજના અંતર્ગત અંદાજી રકમ ૧.૬૨ લાખના એક કામ માટે માત્ર રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી. / સ્પીડ પોસ્ટથી ભાવો મંગાવવામાં આવે છે. કોરા ભાવપત્રકો આપવાની છેલ્લી તારીખ ૪/૧/૨૦૨૨ તતા ભાવો ભરેલ ભાવપત્રક પરત લેવાની છેલ્લી તારીખ : ૧૦/૧/૨૦૨૨ રાખવામાં આવેલ છે. કામની વધુ વિગતો અત્રેની કચેરીમાં જોઈ શકાશે.

નામાનિ/હિંમત/૪૮૫/૨૦૨૧

